~

**O Lord,** I implore Thee! Grant that I may be perfectly conscious and master of all that constitutes this personality, so that I may be delivered from myself and Thou alone mayst live and act through these multiple elements.

To live in Love, by Love, for Love, indissolubly united to Thy highest manifestation. ...

Always more light, more beauty, more truth!

- The Mother

**હે પ્રભુ,** મારી તને પ્રાર્થના છે! મારું આ વ્યક્તિત્વ જે તત્ત્વોનું બનેલું છે તે વિષે હું સંપૂર્ણપણે સભાન બની રહું, તેમની સ્વામિની બની રહું એમ કરી આપો. એમ થતાં મને મારી પોતાની જાતમાંથી મોક્ષ મળશે અને મારા સ્વરૂપનાં આ બહુવિધ તત્ત્વો દ્વારા, કેવલ તું જ શ્વસી રહ્યો હશે, તું જ કાર્ય કરી રહ્યો હશે.

પ્રેમની અંદર, પ્રેમની દ્વારા, પ્રેમને ખાતર જીવન ગાળવું, તારા ઉચ્ચમાં ઉચ્ચ આવિર્ભાવ સાથે અવિચ્છેધ રીતે જોડાઈ જવું ...

સદાયે વધુ પ્રકાશ, વધુ સૌન્દર્ય અને વધુ સત્ય!

- શ્રી માતાજી

~

The Mother : Prayers and Meditations: from 1 March 1914
શ્રી માતાજી: પ્રાર્થનાઓ અને ધ્યાનમાંથી : ૧ માર્ચ, ૧૯૧૪

From:Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • June 2018
https://themothersprosperity.org

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2018**
JUNE
૧ જૂન, ૨૦૧૮

## O Lord, ... Unutterable Peace
## હે પ્રભુ, ... અવર્ણનીય શાંતિ!




**When** waking up every morning,
let us pray for a day of
complete consecration.

With my blessings
- The Mother

**રોજ** સવારે જાગીને,
આપણે પ્રાર્થના કરીએ કે
દિવસ આખો સમર્પણનો બની રહે.

મારા આશીર્વાદ સાથે
- શ્રી માતાજી

Mantras of the Mother-19 June 1954 / શ્રી માતાજીના મંત્રો - ૧૯ જૂન ૧૯૫૪

~

**Thou** hast passed, O Lord, like a great wave of love over my life, and when I was immersed in it I knew integrally and intensely that I had offered to Thee – when? I do not know, at no precise moment and most probably always – my thought, my heart, my body in a living holocaust.

And in that great love which enveloped me and that consciousness of perfect renunciation there was an immense serenity vaster than the universe and a sweetness so intense and so full of infinite compassion that tears began to flow slowly from my eyes. Nothing could have been more remote from both suffering and happiness, it was unutterable peace.

**મારા જીવન ઉપર**, પ્રભુ, તું પોતાના એક મહા તરંગની જેમ પસાર થઈ ગયો, અને હું જ્યારે એ તરંગમાં ડૂબેલી હતી, ત્યારે મને તીવ્ર અને પૂર્ણ ભાવે જ્ઞાન થયું કે-ક્યારે? એ તો હું જાણતી નથી, એ કોઈ ચોક્કસ ક્ષણ ન હતી અને એ બેશક હંમેશની સ્થિતિ તો છે જ - મેં મારા ચિત્તને, મારા હૃદયને અને મારા દેહને એક જીવંત યજ્ઞ રૂપે તને અર્પણ કરી દીધાં છે.

અને મને વીંટાઈ રહેલા એ મહાન પ્રેમની અંદર, અને એ સિદ્ધ બનેલા ત્યાગની બનેલી ચેતનામાં એક વિશ્વ કરતાંયે વધુ વિશાળ એવી પ્રશાંતિ આવી રહી હતી, અને ત્યાં એવી તો તીવ્ર અને અનંત કરુણાથી ભરેલી મધુરતા હતી કે ધીરે ધીરે મારી આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. એ એકી સાથે દુ:ખથી અને સુખથી દૂરદૂરની અવસ્થા હતી, એ અવર્ણનીય શાંતિ હતી.

~

The Mother : Prayers and Meditations: from 13 January 1914
શ્રી માતાજી: પ્રાર્થનાઓ અને ધ્યાનમાંથી : ૧૩ જાન્યુઆરી ૧૯૧૪

~

**My being** is happy with what Thou givest it; what Thou wantest from it, it will do, without weakness, without vain modesty and without futile ambition. What does it matter which place one occupies, what mission Thou entrustest?... Does not all lie in the fact of being entirely Thine, as perfectly as one can be, without the least care of any kind?

... ...

I address but one prayer to Thee, which I know to be granted in advance: Always increase the number of elements, atoms or universes, capable of living integrally in and by Thy love.

Peace, peace upon all the earth. ...

**મારું સ્વરૂપ** તું એને જે કંઈ આપે છે તેનાથી સંતુષ્ટ છે, તું એની પાસેથી જે કાંઈ માગીશ, તે એ કરશે, દુર્બળતા વિના, અર્થહીન વિનમ્રતા વિના અને કોઈ નકામી મહત્વાકાંક્ષા વિના. અમે જે કાંઈ સ્થાન ધરાવતા હોઈએ, તેં અમને જે કાંઈ કાર્ય સોંપ્યું હોય એનો ઝાઝો અર્થ શો છે ? ... તારા પૂરેપૂરા થઈ રહેવું, જેટલા સંપૂર્ણ રીતે થઈ શકાય તેટલા, કોઈ પણ પ્રકારની ચિંતા કર્યા વિના, એમાં જ શું બધું આવી જતું નથી ?

... ...

તને માત્ર એક જ પ્રાર્થના કરું છું અને હું જાણું છું કે એ આગળથી જ સંભળાઈ ચૂકેલી છે: જે તત્ત્વો, જે અણુઓ કે વિશ્વો તારા પ્રેમની અંદર અને તારા પ્રેમ દ્વારા જીવવાને સમર્થ હોય તેમની સંખ્યાની તું વૃદ્ધિ કરતો રહે.

~

The Mother : Prayers and Meditations: from 27 June 1914
શ્રી માતાજી: પ્રાર્થનાઓ અને ધ્યાનમાંથી : ૨૭ જૂન ૧૯૧૪